દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૧ વર્ષ
રવિવાર ૨૧ જાન્યુઆરી, ૨૦૨૪

આર્થિક અને રાજકીય સંકટ ધરાવતા પાકિસ્તાનના સરહદ સાથે સંકળાયેલા ત્રણેય દેશ સાથે સારા સંબંધ રહ્યાં નથી

થોડો સમય અગાઉ પાકિસ્તાની સેનાના કાફલા પર થયેલા બે હુમલામાં ઓછામાં ઓછા 14 સૈનિકો માર્યા ગયા હતા. આતંકીઓએ ગ્વાદર અને મિયાંવાલીમાં ટ્રેનિંગ બેઝ કેમ્પ પર હુમલો કર્યો હતો. નિષ્ણાતોનું કહેવું છે કે પાકિસ્તાનની સેનાની હાલત વધુ ખરાબ થવા જઈ રહી છે. આતંકવાદીઓએ માત્ર આનું પરીક્ષણ કર્યું છે. તેઓ ભવિષ્યમાં મોટા હુમલાની તૈયારી કરી રહ્યા છે. 2014માં પણ ભારે નુકસાન સહન કર્યા બાદ પાકિસ્તાની સેનાએ આતંકીઓના ઠેકાણાઓ પર દરોડા પાડ્યા હતા. આમાં તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન પણ સામેલ હતું. જો કે આ વખતે પાકિસ્તાને આતંકવાદી સંગઠન વિરુદ્ધ કોઈ મોટી કાર્યવાહી કરી નથી.

તાલિબાન પણ પાકિસ્તાન માટે ગળાનો કાંટો બની ગયો છે. અફઘાનિસ્તાનમાં તાલિબાનનું શાસન છે અને પાકિસ્તાનના સરહદી વિસ્તારોમાં તાલિબાન સાથે સંકળાયેલા સંગઠનો મજબૂત બન્યા છે. એક નિષ્ણાતે કહ્યું કે, TTP હવે ખૂબ જ મજબૂત બની ગયું છે. તેને કંધારમાંથી હથિયાર અને પૈસા મળી રહ્યા છે. તાલિબાન હક્કાની નેટવર્ક સામે મોટી સેના તૈયાર કરવા માંગે છે. જેના કારણે આ દિવસોમાં પાકિસ્તાનમાં આતંકી હુમલાઓ થઈ રહ્યા છે. નિષ્ણાતોનું કહેવું છે કે 2014ના ઓપરેશન બાદ ટીટીપી નબળી પડી ગઈ હતી પરંતુ અફઘાનિસ્તાનમાં તાલિબાનની વાપસી સાથે તે પણ મજબૂત સ્થિતિમાં પહોંચી ગઈ છે.

હજુ તો આ સ્થિતિ ચાલુ જ છે તેની વચ્ચે ઈરાને પાકિસ્તાન પર એર મિસાઈલ છોડીને સમગ્ર દુનિયાને અચંબામાં મૂક્યા બાદ પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે એક નિવેદન બહાર પાડીને કહ્યું છે કે, 'સરમાચાર' તરીકે ઓળખાતા ઉગ્રવાદીઓ વિશે તેણે ઈરાનને વારંવાર માહિતી અને પુરાવાઓ આપ્યા હતા પરંતુ ઈરાન કોઈ પગલાં ભરી રહ્યું ન હતું." આથી પોતાની રાષ્ટ્રીય સુરક્ષાને પ્રાધાન્ય આપવા માટે અને રાષ્ટ્રીય હિતોના રક્ષણ માટે પાકિસ્તાને આ ઓપરેશન કર્યું છે. ગઈકાલે ઈરાને કહ્યું હતું કે, તેણે પાકિસ્તાનમાં ઉગ્રવાદી જૂથ જૈશ-અલ-અદલનાં ઠેકાણાઓ પર હુમલો કર્યો છે. પરંતુ પાકિસ્તાને આ વાતને નકારતાં તેને એક 'ગેરકાયદેસર કૃત્ય' ગણાવ્યું હતું અને કહ્યું હતું કે આ પ્રકારની ઘટનાઓ 'ગંભીર પરિણામો' તરફ દોરી જઈ શકે છે. ખૂબ સખત શબ્દોમાં આપેલા નિવેદનમાં, પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે ઈરાન દ્વારા તેના હવાઈ ક્ષેત્રના ઉલ્લંઘનની ભારપૂર્વક ટીકા કરી હતી. પાકિસ્તાને કહ્યું હતું કે આ પ્રકારની ઘટના સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. તેણે એમ પણ ઉમેર્યું હતું કે,"પાકિસ્તાન અને ઈરાન વચ્ચે અનેક પ્રકારની વાટાઘાટો અને સંવાદ ચાલતા હોવા છતાં પણ ઈરાને આ પ્રકારનું પગલું ભર્યું તે નિંદાજનક છે."

પાકિસ્તાને તેહરાન સ્થિત વિદેશ મંત્રાલયના સંબંધિત ઈરાનના ઉચ્ચ અધિકારી સાથે પણ આ વાત કરી હતી અને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. જેમાં તેણે કહ્યું હતું કે, "આ પાકિસ્તાનની સંપ્રભુતાનું છડેચોક કરવામાં આવેલું ઉલ્લંઘન છે. હવે જો કંઈ પણ થાય તો તેના માટે જવાબદાર ઈરાન રહેશે." આમ, બંને દેશો વચ્ચે તણાવગ્રસ્ત પરિસ્થિતિ ઊભી થતાં પાકિસ્તાન પણ વળતો હુમલો કરશે તેવી આશંકા સેવાતી હતી. એ પહેલાં ઈરાને સોમવારે 15 જાન્યુઆરીના રોજ ઇરાકના ઉત્તરી પ્રાંત ઇરબિલ પર પણ હુમલો કર્યો હતો. જેની અમેરિકાએ પણ ટીકા કરી હતી. ઇરાક અને સીરિયા પછી પાકિસ્તાન ત્રીજો દેશ છે જેના પર છેલ્લા કેટલાક દિવસોમાં ઈરાને હુમલા કર્યા છે. ઈરાનના આ હુમલાઓ એવા સમયે થયા છે જ્યારે પહેલાંથી જ મધ્ય-પૂર્વના દેશોમાં ગાઝા પટ્ટીમાં ઇઝરાયલ-હમાસ વચ્ચે સંઘર્ષ શરૂ છે. હમાસને ઈરાનનું સમર્થન છે તેમ માનવામાં આવે છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્ષો થી તણાવ રહ્યો છે. આમ પાકિસ્તાનની સરહદ સાથે લાગેલા ત્રણ દેશ સાથે તેના સંબંધ બગડી ચૂક્યા છે. એટલું જ નહીં બલોચ આંદોલન પણ ચરમ સીમાએ છે એટલે પહેલેથી રાજકીય અને આર્થિક સંકટ ઘેરાયેલું છે એટલે તેની સ્થિતિ વધુ ડામાડોળ બની જશે એ વાતમાં કોઈ બેમત નથી

ઈરાનની એર-સ્ટ્રાઈકનો જવાબ પાકિસ્તાને હવાઈ હુમલા દ્વારા આપ્યો છે. તેમાં ૯ લોકોના મૃત્યુ પણ થયા છે. પરંતુ પાકિસ્તાનનું કહેવું છે કે, તેઓ બધા ઈરાની ન હતા. પાકિસ્તાનનું કહેવું છે કે માર્યા ગયેલા અને પાકિસ્તાન વંશના હતા. અને તેઓ અરમાયર જૂથ સાથે સંકળાયેલા હતા.

આ પરિસ્થિતિમાં બાયડેને જણાવ્યું છે કે, હું ઈરાન જે રીતે તે ક્ષેત્ર (મધ્ય પૂર્વ અને પશ્ચિમ એશિયા) તંગદિલી પૂર્ણ બનાવી રહ્યું છે તે હું પસંદ નથી કરતો.

વાત સીધી અને સાદી છે. ઈરાન અમેરિકાને દુશ્મન માને છે. તેણે પણ એટમ બોંબ બનાવી લીધો હોવાનું કહેવાય છે. પાકિસ્તાન પાસે તો એ-બોંબનો ખજાનો છે જ. હવે જો યુદ્ધ વધુ વકરી જાય તો તે અમેરિકા માટે જ નહીં સમગ્ર વિશ્વ માટે ખતરારૂપ બની રહે.

ઈરાનને સુની તેવા ઇરાક અને સીરીયા ઉપર હુમલા શરૂ કરી દીધા છે. પાકિસ્તાન સાથે ખરી ઠની-ગઈ છે. બંને દેશોએ પોત પોતાના રાષ્ટ્રોને દુશ્મન દેશમાંથી પાછા બોલાવી લીધા છે. ભૂમધ્ય સમુદ્ર તટે ઇઝરાયલ હમાસ યુદ્ધ ચાલે છે. ટૂંકમાં મધ્ય પૂર્વમાં સ્ફોટક સ્થિતિ ઉપસ્થિત થઇ છે. તેથી અમેરિકા સહિત દુનિયા ચિંતાગ્રસ્ત છે. તેમાં ઇરાને વધારો કર્યો છે.

અપના ટાઇમ આયેગા

એક રીયુનીયન હતું જુના મિત્રો ભેગા થયા અને જૂની વાતો અને જુના સપનાઓ યાદ કરીને હસી રહ્યા હતા.મસ્તી મજાક બાદ વાતોએ સિરિયસ વણાંક લીધો બધા પોતાના સપના ...સપના માટે કરેલો સંઘર્ષ ...મહેનત ..મળેલી થોડી સફળતાઓ અને ઘણી બધી નિષ્ફળતાઓ વિષે વાત કરવા લાગ્યા. મોટાભાગનાની વાતોનો સુર એવો હતો કે ઘરની ..કુટુંબની ..બાળકોની..જવાબદારીઓમાં આપણે આપણા માટે જીવવું જ ભૂલી ગયા જાણે પોતાની મન મરજી મુજબનું જીવવાનું જ રહી ગયું.આ વિચાર બધાના મનમાં એક છાના ખૂણે હતો જે તેમને સતાવી રહ્યો હતો.વાતાવરણ ધીરે ધીરે ગંભીર થઈ રહ્યું હતું...કોઈ રમતવીર બિઝનેસમેન થઇ ગયો હતો ...કોઈ દુનિયા જીતવાનું કૌવત ધરાવતી ગૃહિણી બનીને રહી ગઈ હતી ..બધાના મનમાં કૈંક બાકી રહી ગયાની લાગણી હતી એક લેખક દોસ્ત હતો તેણે વાતાવરણને હળવું કરવા અને બધા દોસ્તોને સાચો રસ્તો બતાવવા બહુ સરસ વાત કરી ...તેને કહ્યું, 'દોસ્તો મારે લેખક બનવું હતું લેખક બન્યો પણ ઘર ચલાવવામાં તકલીફ પડવા લાગી ત્યારે એક નહિ બે બે પરત ટાઈમ જોબ પણ કરી...પણ સતત સપનું જોયું કે આપણા ટાઇમ આયેગા .....આપણા પણ દિવસો આવશે.દોસ્તો આપણે બધા આ સપનું જોઈએ જ છીએ ૧૮ વર્ષે વિચારતા હતા ભણશું ..ગણશું ...આગળ વધશું ....મહેનત કરશુ .... દુનિયા બદલશુ...આપણા ટાઇમ આયેગા ..પણ તે સમય ન આવ્યો અને ભણ્યા બાદ જવાબદારી વધી કામણી ..નોકરીની ..ઘરની ..પરિવારની ...ત્યારે વિચાર્યું પહેલા આ જવાબદારી પૂરી કરી લઈએ પછી આપની રીતે જીવીશું ..કૈંક નવું કરીશું ...આપણો સમય આવશે જે આપની ઈચ્છા પ્રમાણે ખુશી લાવશે .....સમય વીત્યો પણ આપણી ઈચ્છા પ્રમાણેનું કશું થયું નહિ...ચાલીસના થયા પણ સપના ઘણા બાકી હતા પણ હવે આપણા સપનાઓ બાજુ પર મૂકી બાળકોના સપના પુરા કરવાના હતા ...બધી જવાબદારીઓના ભારમાં સપના છેક નીચે દબાઈ ગયા ...આજે ૫૦ના થવા આવ્યા ...મિત્રોને મળ્યા ત્યારે સમજાયું કે વાળ બધાના ગયા અને હતા તેના સફેદ થઇ ગયા.....' આ સાંભળીને ગંભીર વાતવરણમાં પણ બધા હસી પડ્યા. મિત્રએ હસતા હસતા જ વાત આગળ કહી, 'દોસ્તો મારા આમ જ હસતા રહો ...આજે બધી જવાબદારીઓ પૂરી થઇ છે છોકરાઓ મોટા થઈ ગયા...પોતાના જીવન સંઘર્ષમાં લાગી ગયા છે આપણે વિચારીએ છીએ હવે તો આપણો ટાઇમ આવશે ...મિત્રોને મળીશું ...જૂની વાતો યાદ કરીશું ..હરીશું ..ફરીશું ..મસ્તી મજાક કરીશું ...પણ ઘૂંટણ દુખે તો કોઈકની કમર કે પગ જવાબ આપશે ...' વળી બધા હસ્યા. મિત્રએ આગળ કહ્યું, 'ચાલો હવે સ્વાસ્થ્યણે પણ ભૂલી ગયા હતા તેની પર ધ્યાન આપીશું ...રોજ ચાલવા જશું અને વળી ક્યાંક ગાઠીયા જલેબી તો ક્યાંક્ટેક મિસળ પાવની મોજ માણીશું.અને એસીડીટી સતાવશે તો દવા લઇ લઇશું.મિત્રો, જૂની વાતો યાદ કરી દુઃખી થવાની જરૂર નથી અને રાહ જોવાની પણ જરૂર નથી કે આપણો ટાઈમ આવશે ..આપણા ટાઈમને આપણે અત્યારથી જ આપણી રીતે ઉજવવાની જરૂર છે.' લેખક મિત્રની વાતો બધા મિત્રોએ તાળીઓ સાથે વધાવી લીધી અને બોલ્યા , 'આપણા ટાઈમ આ ગયા.'

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

ઈરાન દ્વારા તાજેતરના હુમલા મધ્યપૂર્વમાં તણાવ વધારી શકે છે

ઈરાન આજકાલ ચર્ચામાં છે. ઈરાક અને સીરિયા પર હુમલા કર્યાના એક દિવસ બાદ ઈરાને પાકિસ્તાનની સીમા પર મિસાઈલો છોડી હતી. આ ડ્રોન હુમલાએ પાકિસ્તાનમાં બલુચી આતંકવાદી જૂથ જૈશ અલ-અદલના બે ઠેકાણાઓને નષ્ટ કરી દીધા હતા. પ્રશ્ન એ છે કે ઈરાને પાકિસ્તાન, ઈરાક અને સીરિયા પર શા માટે હુમલા કર્યા?

ઈરાન 'એન્ટિ-ઈરાન ટેરરિસ્ટ ગ્રુપ્સ'તરીકે ઓળખાતા જૂથો સામે કાર્યવાહી કરી રહ્યું છે જેના ભાગરૂપે તેણે આ હુમલા કર્યા હતા. પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવા બાબતે ઈરાનના વિદેશ પ્રધાન હોસૈન અમીર-અબ્દોલ્લાહૈને કહ્યું હતું કે આ હવાઈ હુમલા દ્વારા જૈશ અલ-અદલ જૂથ, જે ઈરાની આતંકવાદી જૂથ છે, તેને નિશાન બનાવવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધી ઈરાન સરહદી વિસ્તારોમાં આતંકવાદીઓ સામે લડી રહ્યું હતું, પરંતુ પાકિસ્તાન પર મિસાઈલ અને ડ્રોન હુમલો અભૂતપૂર્વ છે. આ હુમલાને ઈરાન દ્વારા જવાબી પગલા તરીકે જોવામાં આવે છે. જૈશ અલ-અદલે અગાઉ પાકિસ્તાન સાથેના સરહદી વિસ્તારમાં ઈરાની સુરક્ષા દળો પર હુમલા કર્યા છે. ઈરાનના મંત્રી અબ્દોલ્લાહૈને કહ્યું હતું કે અમારા સુરક્ષા દળોને મારી નાખનાર આ જૂથે પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં આશ્રય લીધો હતો.

અમે પાકિસ્તાનની ધરતી પર માત્ર ઈરાની આતંકવાદી જૂથને જ નિશાન બનાવ્યા છે. ડિસેમ્બર ૨૦૨૩માં, ઈરાનના પાકિસ્તાનની સરહદની નજીકના શહેર રાસ્કમાં પોલીસ સ્ટેશન પર થયેલા હુમલામાં ઓછામાં ઓછા ૧૧ ઈરાની પોલીસ અધિકારીઓ માર્યા ગયા હતા, જેની જવાબદારી જૈશ અલ-અદલે લીધી હતી. અગાઉ ૨૩ જુલાઈના રોજ, જૈશ અલ-અદલ દ્વારા દાવો કરાયેલા હુમલામાં ચાર ઈરાની પોલીસકર્મીઓ સરહદ નજીક પેટ્રોલિંગ દરમિયાન માર્યા ગયા હતા. જૈશ અલ-અદલ, અથવા 'આર્મી ઑફ જસ્ટિસ'૨૦૧૨માં સ્થપાયેલ સુન્ની આતંકવાદી જૂથ છે જે મોટાભાગે પાકિસ્તાનમાં કાર્યરત છે. યુએસ ડાયરેક્ટર ઓફ નેશનલ ઈન્ટેલિજન્સના કાર્યાલય અનુસાર, જૈશ અલ-અદલ સિસ્તાન-બલુચિસ્તાનમાં કાર્યરત સૌથી સક્રિય અને પ્રભાવશાળી સુન્ની આતંકવાદી જૂથ છે.

ઈરાન અને પાકિસ્તાન બંને વારંવાર એકબીજા પર આતંકવાદીઓને આશ્રય આપતા હોવાનો આરોપ લગાવે છે. ઈરાને વારંવાર ચેતવણી આપી હતી કે જૈશ અલ-અદલ આતંકવાદી જૂથ ઈરાની સુરક્ષા દળો પર આતંકવાદી હુમલા કરવા માટે બલૂચિસ્તાનના સરહદી શહેર પંજગુરમાં પાકિસ્તાનની જમીનનો ઉપયોગ કરી રહ્યું છે. ઈરાક અને સીરિયામાં તેના મિસાઈલ હુમલાઓનો બચાવ કરતા ઈરાને કહ્યું કે આ ઈરાનની સુરક્ષા માટે ખતરારૂપ લોકો સામે ટાર્ગેટેડ ઓપરેશન હતું. ત્રીજી જાન્યુઆરીએ, આત્મઘાતી બોમ્બરોએ ઈરાનના કર્માનમાં જનરલ કાસિમ સુલેમાનીની કબર પાસે એકઠા થયેલા ટોળા પર હુમલો કર્યો હતો જેની ઈસ્લામિક સ્ટેટ જૂથે જવાબદારી સ્વીકારી હતી. આ હુમલામાં લગભગ ૯૦ લોકો માર્યા ગયા અને ઘણા ઘાયલ થયા. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સ (આઈઆરજીસી)એ જણાવ્યું હતું કે સીરિયામાં ઈસ્લામિક સ્ટેટ (આઈએસ) સામેનો હુમલો આના જવાબમાં હતો. સીરિયન પ્રદેશોમાં આ આતંકવાદી જૂથની હાજરીની પૃષ્ટિ થયા બાદ ઈરાને જવાબી કાર્યવાહી કરી હતી.

ઈરાકમાં હુમલા બાબતે ઈરાને કહ્યું હતું કે તેણે ઈરાકના કુર્દિસ્તાન પ્રદેશમાં ઈઝરાયેલના જાસૂસી હેડક્વાર્ટર (મોસાદ) પર મિસાઈલ હુમલો કર્યો હતો, જે આ પ્રદેશમાં જાસૂસી કામગીરી વિકસાવવા અને આતંકવાદી કાર્યવાહીનું આયોજન કરવા માટેનું કેન્દ્ર રહ્યું છે. ઈરાકમાં થયેલો હુમલો ઈઝરાયેલ દ્વારા ઈરાનતરફી કમાન્ડરોની તાજેતરની હત્યાના જવાબમાં હોવાનું કહેવાય છે.

હમાસને ઈરાન દ્વારા સમર્થન મળેલું છે. તદુપરાંત, યમનમાં હુથી બળવાખોરો, જેમણે રાતા સમુદ્રના પ્રદેશમાં વ્યાપારી જહાજો અને ટેન્કરો પર હુમલો કર્યો છે, તેમને પણ ઈરાનનું સમર્થન હોવાનું કહેવાય છે. લેબનોનના હિઝબોલ્લાહ અને સીરિયા-ઈરાકના અન્ય જૂથોને પણ ઈરાન સમર્થન આપે છે. આ બધા જૂથો પેલેસ્ટિનીઓના સમર્થનમાં ઈઝરાયેલ અને તેના સાથીઓ પર સતત હુમલાઓ કરે છે. ગાઝાપટ્ટીમાં હમાસ પર ઈઝરાયેલના યુદ્ધથી પહેલાથી જ વ્યાપેલા મધ્ય-પૂર્વના તણાવને સીરિયા, ઈરાક અને પાકિસ્તાનમાં ઈરાનના તાજેતરના હુમલાઓ વધારી શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

વર્લ્ડ વૉચ
ડૉ. જયનારાયણ વ્યાસ

'રામજી કી લીલા હૈ ન્યારી...'

ભારતમાં ભગવાન રામચન્દ્ર જન્મ્યા હતા એ બાબતે ઈતિહાસકારોમાં કોઈ વિવાદ નથી પરંતુ ઈતિહાસના કયા ચોક્કસ કાળ ખંડમાં એ થઈગયા તે વિષે થોડો વિવાદ છે. છતાં મોટા ભાગના ઈતિહાસકારો, જેમણે માત્ર ઈતિહાસ જાણવાની શુધ્ધ ભાવનાથી સંશોધનો કર્યા છે તેમનું માનવું છે કે રામજી સાડા ત્રણ હજાર વર્ષ પૂર્વે થઈ ગયા. કેટલાક ઈતિહાસકારો અને પ્રાચીન ગ્રંથોના જાણકારો કહે છે કે રામજી ત્રેતા યુગમાં જન્મ્યા હતા જે આજથી લગભગ સાત હજાર વરસ પૂર્વે આવ્યો હતો. પ્રસિદ્ધ ઈતિહાસ સંશોધક સ્વર્ગસ્થ હસમુખ સાંકળિયા સાત હજાર વરસ પૂર્વેની વાત માન્ય રાખતા નથી. એમના મતે તે માત્ર એક કલ્પના જ છે. અમુક ઈતિહાસવિદો કુરુ અને વૃષ્ની કૂળની વંશાવલીના આધારે એ તારણ પર આવ્યા છે કે શ્રી રામ 3250 વરસ અગાઉ થઈ ગયા. તેઓનું કહેવું છે કે ભરત અને શાશ્વત શ્રી રામના સમકાલીન હતા. જો કે ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્ટિફિક રિસર્ચ ઓન વેદાઝ (આઈ-સર્વ) દ્વારા રામજીના જન્મ સમયે ગ્રહો અને નક્ષત્રોની જે યુતિ અથવા પેટર્ન હતી તેના આધારે એમના જન્મની તારીખ પણ નક્કી કરવામાં આવી છે. તે મુજબ ઈસવીસન પૂર્વેના 5114મા વરસની દસ જાન્યુઆરીના રોજ શ્રી રામનો જન્મથયો હતો. ગ્રહ નક્ષત્રોનાં લગ્ન અથવા જે યુતી સર્જાઈ હતી તે જન્મ સમયની ચોક્સ અને સચોટ માહિતી આપી શકે પરંતુ તે બાબતે હજી વિશદ અને આધારભૂત સંશોધનો કરવાની જરૂર છે. આઈ સર્વના સંશોધનો મુજબ અને વિવિધ રામાયણોનાં વર્ણનો મુજબ શ્રી રામનો જન્મ અયોધ્યા નગરીમાં દસ જાન્યુઆરીના રોજ બપોરના બાર વાગ્યાથી એક વાગ્યાની વચ્ચે થયો હતો. ઈસવીસન પૂર્વે 5114મુ વરસ એટલે આજથી 7138 વરસ પૂર્વે શ્રી રામનો જન્મ થયો હતો. વર્તમાન પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ગઈ દસ જાન્યુઆરીના રોજ, નિર્ધારિત તારીખ કરતા બાર દિવસ વહેલો યોજવામાં આવ્યો હોત તો એ દિવસે, આઈ-સર્વના સંશોધનો મુજબ પ્રભુ શ્રી રામનો જન્મ દિવસ હતો. ભારતમાં સામાન્યપણે તે ચૈત્ર મહિનાની સુદ નવમીના દિવસે ઉજવવામાં આવે છે. પ્રાચીન કાળથી ઉજવવામાં આવી રહેલા ભારતીય ધર્મ-સંસ્કૃતિના મુખ્ય પાંચ તહેવારોમાં એક તહેવાર રામ નવમીનો ગણાય છે.

ભારતમાં, અફઘાનિસ્તાન, ઈન્ડોનેશિયા, કમ્બોડિયામાં પણ રામજીનો ઈતિહાસ અને ગાથા વર્ણવતા પ્રાચીન છતાં સ્પષ્ટ પુરાવાઓ પુષ્કળ માત્રામાં મળી આવે છે. અજંતા-ઈલોરાની ગુફાઓમાં આઠમી સદીમાં આલેખાયેલાં રામાયણના પ્રસંગોના સુંદર ચિત્રો મળી આવ્યા છે. હજારો વરસથી જે રામાયણો કહેવાઈ છે, સંભળાઈ છે અને ગવાઈ છે તેમાં વિશાળ ભારત વર્ષ રાષ્ટ્રમાં જે જે સ્થળોના ઉલ્લેખો છે એ સ્થળો આજે પણ ત્યાન વિદ્યમાન છે. એ જંગલો, પર્વતો, સરોવરો, નદીઓ, વનો અને સેતુ આજે પણ ત્યાં જ અસ્તિત્વ ધરાવે છે. આ હકીકત દર્શાવે છે ત્યારના પગપાળા, અશ્વસવારી અને રથ સવારીના દિવસોમાં પણ લોકો અને વિદ્વાનો પાસે દેશકાળની ભૂગોળનું કેટલું વિદ્વત્ અને તલસ્પર્શી જ્ઞાન હતું. આજે શબરી વન, પમ્પા સરોવર, ગોદાવરી, પંચવટી, દંડકારણ્ય, શ્રીલંકા, બાણગંગાઓ, કિષ્કિંધા, અયોધ્યા વગેરે ત્યારે પણ એટલા જ લોકમુખે હતા જેટલા આજે છે.

માનવોના ઉત્તરદાયિત્વો, અધિકારો, ભાવનાઓ અને સંવેદનાઓને જગતમાં કોઈ હસ્તી અને કોઈ ગ્રંથ ઉત્તમ સ્વરૂપમાં રજૂ કરતા હોય તો તે શ્રી રામ અને રામાયણ છે. રામજીને મર્યાદા પુરૂષોત્તમના રૂપમાં રજૂ કર્યા છે જેમનું મૂળ તત્વ સ્વરૂપ ભગવાન વિષ્ણુ છે. એવી કોઈ વાત કે વિચાર રામજી દ્વારા કહેવાતી નથી કે વર્તનમાં મુકાતી નથી જેમાં મર્યાદાઓનુન ઉલ્લંઘન હોય. ઉત્તરદાયિત્વ અથવા ધર્મના નિર્વાહનનું શાસ્ત્રોમાં બીજું એક શ્રેષ્ઠ ઉદાહરણ, રાજા હરિશ્ચંદ્ર અને એમના પરિવારનું છે. શ્રી રામ માટે અંગ્રેજી શબ્દ-પ્રયોગનો આશરો લઈએ તો એમનું જીવન નો-નોન્સેન્સ અને એ જીવનમાંથી ઉદ્ભવેલો ગ્રંથ રામાયણ પણ એક નો-નોન્સેન્સ ગ્રંથ છે. તેમાંથી એવી કોઈ વાતને પ્રેરણા મળતી નથી જે નૈતિક રીતે અસ્વીકાર્ય હોય. રામા હરિશ્ચંદ્ર અને રામા રામ આ હજારો વરસમાં ભારતીય પ્રજાના ડીએનએમાં એ રીતે સમાયા છે જેને અલગ પાડવાનું લગભગ અશકય છે. પશ્ચિમ અને ઉત્તર ગોળાર્ધમાંથી અનેક હુમલાખોર હિંસક પ્રજાઓ આવી. અમુક સમય માટે, કે જેથી હિન્દુઓ, સનાતનીઓ પોતાના સાંસ્કૃતિક વારસા બાબતે સભાન અને સચેત બને, તેઓ સફળ રહ્યા. પરંતુ આખરે વિજય તો શ્રીરામ નામનો, રામ તત્વનો, રામ વિચારનો થયો છે. ખૂદ રામજીના સમયમાં એમના વિરોધીઓ હતા, રાક્ષસો હતા તેવા આજે પણ છે. પણ તેથી એક સનાતની સત્ય જુઠું સાબિત થતું નથી. એક શુભ અને ઐતિહાસિક ઘટનાને વિવાદ અને ઝગડાનું સ્વરૂપ આપી રહેલા કોંગ્રેસીઓ, મુલાયમની સમાજવાદી કુપ્રજાને એટલો એક વિચાર પણ આવતો નથી કે તેઓ કઈ બાબતને, કઈ વાતને ઝગડામાં ફેરવી રહ્યા છે? રામ તત્વ તો પ્રજાનો આત્મા છે.

આજે ગ્રામ્ય પ્રદેશોમાં બે અજાણી વ્યકિત સામસામે મળી જાય તો પણ રામ રામ બોલીને આગળ વધશે જેનો અર્થ એ થાય છે કે બન્ને અજાણ્યાઓ એક મકે માટે સારૂં ઈચ્છી રહ્યા છે, શુભેચ્છાઓ આપી રહ્યા છે. લોકો ઘણી વખત કહેશે કે 'એ કામમાં રામ નથી'. મતલબ કે નૈતિકતા નથી તેથી તે કરવા જેવું નથી. લોકો એમ પણ કહેશે કે તમારો રામ જે કહે તે પ્રમાણે કરો. અહીન રામ એટલે આત્મા છે. કોઈનો જીવ જતો રહે એટલે રામ રમી ગયા. રામ અસંખ્ય પ્રકારે જીવનમાં વણાયેલા છે. શિખ સંપ્રદાયના ગુરુ ભગવંતોએ રામના જીવનને આદર્શ માન્યું હતું. અયોધ્યામાં વર્તમાન મંદિર બને ત્યાન સુધીની ઘટનાઓમાં શિખ સમુદાયનો ખૂબ મહત્વનો ફાળો અથવા યોગદાન રહ્યા છે. શ્રી રામથી મોટું એમનું નામ માનવામાં આવ્યું છે. આદર્શ પુત્ર, આદર્શ ભાઈ, આદર્શ પતિ, આદર્શ રાજા વગેરે તમામ વ્યાખ્યાઓમાં રામને શ્રેષ્ઠ ઉદાહરણ ગણી શકાય. જયાં કંઈ પણ ઉત્તમ હોય છે ત્યાં રામનો વાસ ગણવામાં આવે છે. જેમકે રામરાજય.

ભારતની આ પ્રજા હજારો વરસથી રામકથા વાંચતી, ગાતી, જોતી, સાંભળતી આવી છે અને છતાં તે વારંવાર તેમ કરવા પ્રેરાય છે અને તેમાંથી હંમેશા કંઈક નવનીત નિષ્પન્ન થાય છે. રામાનંદ સાગરની રામાયણ શરૂ થતી અને શેરીઓમાં સોપો પડી જતો એ હમણાના વરસોની ઘટના છે. આ લખનાર ગામડામાં દશેરા અને દિવાળીના દિવસે ભજવાતી રામલીલા અને હરિશ્ચંદ્ર કથાઓ જોઈ સાંભળીને જ મોટો થયો છે. એ રામજીના અસ્તિત્વનો આ ભારતભૂમિ પર ક્યારેય અંત આવ્યો નથી અને આવવાનો પણ નથી. કારણ કે તે એવા વિચારોની જ્યોત છે જે વિચારો કાયમને માટે શ્રેષ્ઠ સમાજ માટેના છે અને સમાજ માટે શ્રેષ્ઠ છે. વિશ્વની એવી કોઈ ભાષા નથી જેમાં રામાયણ અને રામકથાઓના અનુવાદો ન થયા હોય. પેરિસના લુવ્ર મ્યુઝિયમમાં, મોનાલીસાની પેન્ટિંગના રૂમમાં આ લખનારને રોમેનિયાના એક પ્રોફેસર મળી ગયા. અમને ભારતના જાણીને એમણે રામાયણ વિષે ઘણી સરસ વાતો કરી હતી. ભારતમાં શિખ ગુરુ ગોવિંદ સિંહે રામકથા લખી છે. પૂર્વ ભારતમાં કૃતિવાસ રામાયણ, પશ્ચિમ ભારત અને મહારાષ્ટ્રમાં ભાવાર્થ રામાયણ, વાલ્મિકી રામાયણ અને તુલસી રામાયણ, દક્ષિણ ભારતના મહાકવિ કંબ લિખિત 'કંબરામાયણ' વગેરે એવા ઉદાહરણો છે જે રામાયણની મહત્તા, લોકપ્રિયતા અને વ્યાપ દર્શાવે છે.

અયોધ્યામાં માત્ર રામ મંદિર જ બની રહ્યું નથી. મંદિરો તો આપણી પાસે ઘણા છે. પરંતુ ભાજપના નેતા રવિશંકર પ્રસાદ કહે છે તેમ અયોધ્યાનું રામ મંદિર રાષ્ટ્રીય ગૌરવનું પર્યાય બનશે. હિન્દુ નવજાગૃતિના સમયમાં સાંસ્કૃતિક ગતિવિધિઓનું એક વૈશ્વિક કેન્દ્ર બનશે અયોધ્યા. રામ તત્વ અને રામ વિચાર હવે સમગ્ર દુનિયામાં ફેલાશે અને સ્થાન પામશે. રામજીના આદર્શોને જગત જાણી સમજી શકશે. રામજી માટે ખરાબ દિવસો હતા. રામે જીવનમાં વનવાસ ભોગવ્યો હતો અને અયોધ્યામાં પણ દુર્ગતિના દિવસો જોયા.તે પણ રામજીની લીલા હતી અને હવે નવચેતના, નવજાગૃતિ આવી છે તેને પણ રામજીની એક લીલા જ સમજવી.

-આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

યે મેરા ઈન્ડિયા
વિનોદ પંડ્યા

ચર્ચાપત્ર

હોડી દુર્ઘટના

તા. ૧૮ જાન્યુઆરી, ૨૦૨૪ ને ગુરૂવારના રોજ વડોદરાના હરણી તળાવમાં થયેલ હોડી દુર્ઘટનામાં ૧૨ બાળકો અને ૨ શિક્ષકોના કમોતથી વડોદરા સહિત સમગ્ર ગુજરાતના સંવેદનશીલ લોકો શોકગ્રસ્ત બની ગયા છે. મૃતકોના આત્માને શાંતિ મળે અને તેમના પરિવારજનો પર આવી પડેલ આપત્તિ સહન કરવાની શક્તિ પ્રાપ્ત થાય એ જ પ્રાર્થના. આ ઘટનાથી સુરતની તક્ષશિલા, મોરબીની બ્રીજ ઘટના લગભગ બધા જ લોકોને યાદ આવી ગઈ. દરવખતની જેમ ટીવી, સમાચારપત્રો સહિતના સોશિયલ મીડિયા પર દુઃખ, દિલાસો, ઘટનાનું વિશ્લેષણ, જવાબદારો અંગેના મંતવ્યો રજૂ થાય ત્યારે સંવેદનશીલતા મરીપરવારી નથી એવો અહેસાસ થાય છે. પરંતુ આવી ઘટના માટેના જવાબદાર પરિબળોને નાબુદ કરવાના કે એની પર અંકુશ લાવવાના પ્રયત્નો અંગે જે ફોલોપવર્ક થવું જોઈએ, જે જાગરૂકતાનું સાતત્ય જળવાવું જોઈએ એનો સરકાર, વહીવટીતંત્ર અને સ્થાનિક નેતાગીરીમાં કઈક અંશે અભાવ જણાય આવે છે. આમજનતામાંથી કેટલાક લોકો જાગૃત હોય પણ એની પીપૂડી મોટેભાગે કોઈને સંભાળતી નથી. આશા રાખીએ કે આવી ઘટનાઓ માટે ખરેખર જે જવાબદાર હોય એમની સામે યથાયોગ્ય કાર્યવાહી, સજા થાય અને માનવીય ભૂલ, બેદરકારી, લાલશા કારણભૂત હોય એવી આ છેલ્લી ઘટના હોય.

સુરત - મિતેશ પારેખ

વિકાસ ભવિષ્યના વિચાર સાથે હોવો જોઈએ

વિકાસના આવેગમાં એ ભુલાઈ રહ્યું છે કે અનાજ આખી જીવતદાન આપતી જમીન ટી રહી છે. વિકાસ માટે ફલાય ઓવર બ્રીજ હાઈવે જરૂરી છે કેમ